# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-08-2025** **Evening : 7.28 to 7.38 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. ઉત્તરાખંડમાં પૂરની સ્થિતિમાં ફસાયેલા રાજ્યના 141 પ્રવાસીઓ સલામત.
2. અનુદાનિત શાળાઓને માળખાકીય સુવિધા માટે 10 લાખથી દોઢ કરોડ રૂપિયા સુધીની આર્થિક સહાય આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય
3. રાજ્યના અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના 18 લાખથી વધુ લાભાર્થીઓને 393 કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ.
4. રાજ્યની આંગણવાડી બહેનોએ સરહદના જવાનો માટે સાડા ત્રણ લાખથી વધુ રાખડીઓ મોકલી નવો વિક્રમ બનાવ્યો.
5. વર્ષ 2023 માટેના ગુજરાતી ચલચિત્ર પારિતોષિક જાહેર

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT UTTRAKHAND

ઉત્તરાખંડમાં પૂરના કારણે સર્જાયેલી સ્થિતિમાં ફસાયેલા રાજ્યના 141 જેટલા લોકો સલામત હોવાનું જણાયું છે. દરમિયાન અમદાવાદના 99 લોકોને મંદાકિની અતિથિગૃહ ખાતે રખાયા છે. હાલમાં ગુજરાત અને ઉત્તરાખંડ સરકાર સતત સંપર્કમાં હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)

. . . . . . . . . . .

# SCHOOL OF EXCELLENCE

રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત શાળાઓને માળખાકીય સુવિધા માટે 10 લાખથી દોઢ કરોડ રૂપિયા સુધીની આર્થિક સહાય અપાશે. મિશન સ્કૂલ ઑફ એક્સલેન્સના બીજા તબક્કા હેઠળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સહાયનો નિર્ણય કરાયો છે. વર્ષ 2025-26ના શૈક્ષણિક વર્ષથી પાંચ વર્ષ માટે આ નિર્ણયનો અમલ કરાશે.

તે મુજબ, શાળાઓને ખૂટતા વર્ગખંડ બાંધકામ, વિશિષ્ટ ખંડોના નિર્માણ, નવા શૌચાલય માટે જગ્યા, પીવાના પાણીની સુવિધા, દિવ્યાંગ વિદ્યાર્થી માટે જરૂરી સુવિધાઓ માટે 80 ટકા રકમ રાજ્ય સરકાર અને 20 ટકા રકમ શાળા મંડળ ચૂકવશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# GRAM VIKAS NIYAMAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યાંકને ગ્રામ્ય સ્તર સુધી સાકાર કરવામાં જિલ્લા વિકાસ અધિકારીઓની ભૂમિકા પાયાની અને મહત્વની હશે. ગાંધીનગરમાં જિલ્લા વિકાસ અધિકારીઓ-જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થાના નિયામકોની એક દિવસની સંયુક્ત પરિસદની અધ્યક્ષતા કરતાં શ્રી પટેલે આ વાત કહી. તેમણે કહ્યું, ગ્રામીણ જનજીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવનારી કલ્યાણ યોજનાઓના અમલથી જનસેવા અને અંત્યોદય ઉત્થાનની મોટી જવાબદારી જિલ્લા વિકાસ અધિકારીઓને મળી છે.

દરમિયાન શ્રી પટેલે ગામની વસાહતી જમીન એટલે કે, ગામતળને કાયદેસર રીતે મંજૂરી આપવાની પ્રક્રિયા અને પ્લૉટ ફાળવણી પ્રક્રિયાને વધુ સરળ બનાવતા ડિજિટલ પ્લેટફૉર્મનો પણ પ્રારંભ કરાવ્યો.

. . . . . . . . . . .

# RUN SWIKAR KARYAKRAM

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યની તમામ સહકારી બેન્કે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ કામ કર્યું છે. તેમણે ખેતી બેન્કને રાજ્યના ખેડૂતો માટે વિશ્વાસનું પ્રતીક ગણાવી. ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્ક લિમિટેડ – ખેતી બેન્ક દ્વારા યોજાયેલા ઋણ સ્વીકાર કાર્યક્રમમાં શ્રી પટેલે ખેતી બેન્કને છેલ્લા ત્રણ વર્ષથી શૂન્ય ટકા બિન-કાર્યક્ષમ સંપત્તિ-NPA માટે પણ અભિનંદન પાઠવ્યા.**

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

**આ પ્રસંગે ખેતી બેન્કના અધ્યક્ષ ડૉલર કોટેચાએ સેટલમેન્ટ યોજના, સરલ યોજના થકી રાજ્યના ખેડૂતોને 102 કરોડ રૂપિયા મંજૂર કરાવી આપવા બદલ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો.**

. . . . . . . . . . .

# BHANUBEN BABARIYA

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના 18 લાખથી વધુ લાભાર્થીઓને 393 કરોડ રૂપિયાથી વધુની સહાય અપાઈ.

આ પ્રસંગે સુશ્રી બાબરિયાએ કહ્યું, રાજ્યના તમામ નાગરિકોને યોજનાકીય લાભ આપવો એ સરકારનો સંકલ્પ છે. આજના ઇ-વિતરણ કાર્યક્રમ થકી પછાત વર્ગના વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમજ સમાજના જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા નાગરિકોને લાભ અપાશે.

. . . . . . . . . . .

# STATE FISHERMEN

રાજ્યના માછીમારોને 11 ઑગસ્ટથી હોડી માટે ડિઝલ વિતરણ કરાશે. મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે કહ્યું, બંદરો પર સર્જાતા ટ્રાફિકને

ધ્યાને લઈ નવી મોસમ શરૂ થાય તેના પાંચ દિવસ પહેલા માછીમારોને ડિઝલ આપવાનો નિર્ણય કરાયો છે. આ માટે માછીમાર સંગઠનોએ સરકારને રજૂઆત કરી હતી.

. . . . . . . . . . .

# RAKHI FOR ARMY

**દેશની સરહદ પર સુરક્ષા કરતા જવાનોની રક્ષા માટે રાજ્યની 53 હજાર જેટલી આંગણવાડીની બહેનોએ સાડા ત્રણ લાખથી વધુ રાખડી મોકલી છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે સરહદી દળોના જવાનોને રાખડી કળશ સુપરત કરાયો. રાજ્યની "એક રાખી દેશ કે જવાનો કે નામ" પહેલને ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. સાંભળીએ એક અહેવાલ.**

## (V/C- AJAY INDREKAR)

**(....રાજ્યની આંગણવાડીની બહેનોએ મોકલેલી રાખડીઓનો રક્ષાસૂત્ર કળશ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે જવાનોને અર્પણ કર્યો. ભારતીય સેના, સરહદ સુરક્ષા દળ- BSF, કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPF અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRFના ગાંધીનગર સ્થિત જવાનોએ સહર્ષ આ રક્ષાસૂત્ર કળશનો સ્વીકાર કર્યો. ગુજરાતની આ પહેલને ઇન્ડિયા બૂક ઑફ રેકર્ડમાં સ્થાન મળ્યું તે અંગેનું પ્રમાણપત્ર અને ચંદ્રક**

**ઇન્ડિયા બૂક ઑફ રેકર્ડના પ્રતિનિધિઓએ મુખ્યમંત્રી સમક્ષ રજૂ કર્યા.**

**અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.**

. . . . . . . . . . .

# HARGHAR TIRANGA ABHIYAN

રાજ્યભરમાં આવતીકાલથી 15 ઑગસ્ટ સુધી "હરઘર તિરંગા" અભિયાન યોજાશે. "હરઘર તિરંગા, હરઘર સ્વચ્છતાઃ સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ"ની વિષયવસ્તુ સાથે યોજાનારા અભિયાન અંતર્ગત અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં બેથી ત્રણ કિલોમીટર લાંબી ભવ્ય ત્રિરંગા યાત્રા યોજાશે.

રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, અભિયાન દરમિયાન જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં ત્રિરંગા યાત્રા સાથે સ્વચ્છતા રેલી પણ યોજાશે. જ્યારે આગામી 12થી 15 ઑગસ્ટ દરમિયાન વિવિધ સ્થળ પર સ્વચ્છતા સંવાદ કાર્યક્રમ પણ યોજાશે.

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત મહેસાણાની શાળાઓમાં અને સુરતની કુલ 908 પ્રાથમિક શાળાઓમાં તિરંગાનું ઐતિહાસિક મહત્વ દર્શાવતી રંગોળી સ્પર્ધાઓ યોજાઈ હતી.

. . . . . . . . . . .

# GUJARATI FILM AWARD

રાજ્ય સરકારે વર્ષ 2023 માટેના ગુજરાતી ચલચિત્ર પારિતોષિક જાહેર કર્યા છે. વિવિધ 46 પૈકી 40 શ્રેણીમાં ચલચિત્રને પ્રોત્સાહક રકમ અને પારિતોષિક એનાયત કરાશે. આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક વિજેતા કલાકાર અને કસબીઓનો સન્માન સમારોહ યોજાશે.

ગુજરાતી ફિલ્મ કર્મ ના નિર્માતાઓ અને  દિગદર્શક સુબ્રમણ્યમ ઐય્યરને શ્રેષ્ઠ ચલચિત્ર, કર્મ ફિલ્મના અભિનેતા ચેતન કુમાર ધાનાનીને શ્રેષ્ઠ અભિનેતા, અને બ્રિન્દા ત્રિવેદીને શ્રેષ્ઠ અભિનેત્રીનું પારિતોષિક અપાશે. જ્યારે માય બેસ્ટ ફ્રેન્ડ દાદુ ફિલ્મના બાળકલાકાર વિશાલ ઠક્કરને શ્રેષ્ઠ બાળ કલાકાર, સંબંધોમાં ખાલી જગ્યા ફિલ્મના દિગ્દર્શક જયેશ ત્રિવેદીને શ્રેષ્ઠ દિગ્દર્શનનું પારિતોષિક અપાશે.

. . . . . . . . . . .

# LUMPY VIRUS

રાજ્યમાં પશુઓને લમ્પી રોગથી બચાવવા 23 લાખથી વધુ પશુઓનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધી અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ સહિત 12 જિલ્લામાં લમ્પી રોગના 462 કેસ નોંધાયા. તેમને તાત્કાલિક સારવાર અપાતા 426 પશુ સ્વસ્થ થયા છે. જ્યારે 28 જેટલા પશુ સારવાર હેઠળ છે.

પશુઓને લમ્પી રોગથી બચાવવા પશુપાલન વિભાગ દ્વારા અસરગ્રસ્ત ગામોની મુલાકાત લેવામાં આવી. તેમજ લમ્પીગ્રસ્ત પશુઓને અલગ કરીને તેમની સઘન સારવાર હાથ ધરાઈ. રાજ્યમાં હજી કોઈ પશુમાં લમ્પી રોગ જણાય તો પશુપાલકોએ તુરંત જ ટોલ ફ્રી નંબર 1962 પર સંપર્ક કરવા અથવા નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

. . . . . . . . . . .

# LAKHPATI DIDI

**કેન્દ્ર સરકારે વર્ષ 2027 સુધીમાં ત્રણ કરોડ મહિલાને આર્થિક રીતે સક્ષમ બનાવવા એટલે કે તેમને "લખપતિ દીદી" બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ત્યારે રાજ્યમાં હાલ "લખપતિ દીદી"ની સંખ્યા પાંચ લાખને પાર પહોંચી ગઈ છે.**

(V/C- SANSKRITI BHUNDIYA)

*(...કેન્દ્ર સરકારની "લખપતિ દીદી" યોજના વર્ષ 2023માં અમલમાં આવી છે. તેના થકી જુલાઈ 2025 સુધીમાં રાજ્યની પાંચ લાખ 96 હજાર જેટલી મહિલાઓની આવક એક લાખથી વધુ સુધી પહોંચી છે. રાજ્યના તાલીમબદ્ધ કમ્યૂનિટી રિસોર્સ પર્સન- CRP દ્વારા 10 લાખ 74 હજાર જેટલી મહિલાઓની ઓળખ કરવામાં આવી છે, જેઓ લખપતિ દીદી બની શકે છે. આ તમામ મહિલાઓ સંભવિત લખપતિ દીદીની હાલની પ્રવૃત્તિ તથા તેમની પાસે ઉપલબ્ધ સ્રોત, થયેલા ખર્ચ અને આવકની વિગત મેળવવા*

*ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ડિજિટલ આજીવિકા રજિસ્ટ્રર તૈયાર કરાયું છે.*

*<u>સંસ્કૃતિ ભુંડિયા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)</u>*

. . . . . . . . . . .

# JAGDISH VISHVKARMA

અમદાવાદમાં સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય સહકારી બેંક નારણપુરા ખાતે "સહકારથી સમૃદ્ધિ" ની સમીક્ષા બેઠક યોજાઈ. જેમાં અમદાવાદ, ગાંધીનગર અને બોટાદ જિલ્લાની સહકારી મંડળીઓનું મૂલ્યાંકન કરાયું.

સહકાર રાજ્યમંત્રી દ્વારા હોદ્દેદારોને દરેક ગામની વસતિ મુજબ લોકોને સહકારી મંડળીઓમાં જોડવાના પ્રયાસ કરવા સૂચન કરાયું. આ બેઠકમાં ખેડૂતોને મહત્તમ ધિરાણ મળે, વિવિધ એપીએમસીના વેપારીઓના સહકારી બેંકમાં ખાતા ખોલવામાં આવે, પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીની કામગીરીનો પ્રચાર સહિતની બાબતોનું સૂચન પણ કરાયું.

. . . . . . . . . . .